કૃપાકરી પ્રસિધ્ધી માટે                                                    ૨૩ ડિસેંબર ૨૦૦૯

## ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી રેલ્વે પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે ૨૩ ડિસેંબર ૨૦૦૯ ના રોજ મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### *રેલ્વે શ્વેત પત્રિકા - "વડાપ્રધાન માફી માગે"- રામ નાઈક*

**મુંબઈ,બુધવાર :** " રેલ્વે પ્રધાન શ્રીમતી મમતા બૅનર્જી એ લોકસભા માં રજૂ કરેલ શ્વેત પત્રિકા ને કારણે તથાકથિત 'વ્યવસ્થાપન ગુરૂ' માજી રેલ્વે પ્રધાન શ્રી લાલૂ પ્રસાદ યાદવ નું જુઠાણાં ઉઘાડા પડેલ છે. તેમણે સંસદ માં રજૂ કરેલ ગેરમાર્ગે દોરનારાં બજેટ ને મંત્રીમંડળે માન્યતા આપેલ હતી. મંત્રીમંડળની જવાબદારી સામુદાયિક હોય એ બાબત ધ્યાન માં રાખી વડાંપ્રધાન ડૉ.મનમોહન સિંહે ગેરમાર્ગે દોરનાર બજેટ રજૂ કરવા બદલ દેશની માફી માગવી જોઈએ," આ મુજબની માગણી ભારતીય જનતા પક્ષનાં નેતા અને માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે એક પત્રકાર પરિષદમાં કરેલ છે.

શ્રી લાલૂ પ્રસાદ યાદવ કહી રહ્યાં હતાં તે નફાનાં આંકડાઓ છેતરામણી છે તેવી ટીકા શ્રી રામ નાઈક ફકત વિરોધ માટે કરી રહ્યાં છે તેવો મારી પર આક્ષેપ કરનારાં ઓની આંખો હવે શ્રીમતી મમતા બૅનર્જીની શ્વેતપત્રિકા વાંચીને તો કમ સે કમ ઉઘડશે તેવી આશા વ્યકત કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "હાલમાં જ સંપન્ન થયેલ લોકસભા અધિવેશનના છેલ્લાં દિવસે રેલ્વે પ્રધાન શ્રીમતી મમતા બૅનર્જી એ સંસદ માં રજૂ કરેલ શ્વેત પત્રિકા માં ૨૦૦૬ - ૨૦૦૭ આ વર્ષમાં ૨૦,૩૩૯ કરોડ રૂપિયાની 'કૅશ - સરપ્લસ' હતી, શ્રી લાલૂ પ્રસાદ ના કહેવા મુજબ નફો નહોતો તે હવે સ્પષ્ટપણે કહ્યું છે. શ્રી લાલૂ પ્રસાદે જેટલો ઉહાપોહ કર્યો તેટલું પ્રત્યક્ષે કામ કર્યું નથી. પાછલાં પાંચ વર્ષમાં ૧૮૯ સુપરફાસ્ટ ગાડીઓ તેમણે જાહેર કરી. તેમાંની અનેક ગાડીઓની દોડવાની સમયમર્યાદા ઓછી ન કરી પણ નૂર માં વધારો કર્યો. તેમજ ૨૦૦૮ - ૨૦૦૯ ના વર્ષમાં તત્કાલ આરક્ષણ ને કારણે રેલ્વે ને રૂ.૬૦૫ કરોડ મળ્યાં, તે માટે 'તત્કાલ આરક્ષણ' માટે શરૂઆતમાં ૫.૬ ટકા જગ્યા આરક્ષિત હોય છે આ પ્રમાણ ૧૪.૨ ટકા સૂધી વધારવામાં આવી. તેમાટે કાયમની આરક્ષણ વ્યવસ્થામાંથી જગ્યા મળવી અગવડદાયક હોઈ પ્રવાસીઓની હાલાકી તો થઈ જ એ સિવાય ભ્રષ્ટાચાર અને ગેરકારભાર વધ્યો હોવાનું આ શ્વેત પત્રિકામાં ચોકખેચોકખું કહેવાયું છે. હજૂએ ઘણી માહિતી શ્વેતપત્રિકામાં થી ઉપલબ્ધ થયેલ છે."

"૨૦૦૭-૦૮ માં રેલ્વે ની આર્થિક સ્થિતીની ફાયદો કરનારો ફેરબદલ (ટર્ન - અરાઉંડ) દીધાની હુશિયારી શ્રી લાલૂ પ્રસાદે કરી હતી તો ૨૦૦૮-૨૦૦૯ ના બજેટ માં રજૂ કરતો તેમનો શેર હતો

' જાદૂ ઔર ટોના દિખાયા થા હમને પિછલે સાલ
અબ પૂરા ઈંદ્રજાલ દેખ લિજીએ.'

..૨..

આ ઈંદ્રજાળ ને કારણે 'વ્યવસ્થાપન ગુરૂ' તરીકે દેશ-પરદેશમાં શ્રી લાલૂપ્રસાદ ની પ્રશંસા થયેલ છે. એ બજેટ રજૂ કરતી વેળાં આખા દેશ ના વડાંપ્રધાન ડૉ. મનમોહન સિંહ અને શ્રીમતી સોનિયા ગાંધી જોરશોર ના નગારાં વગાડિ તેમને પ્રોત્સાહન આપતાં હતાં તે જોયેલ છે.પરંતુ મમતા બૅનર્જી ની શ્વેતપત્રિકાએ શ્રી લાલૂ પ્રસાદ ની ઈંદ્રજાળ નો બુરખો ચીર્યો છે. સંસદીય કાર્યપ્રણાલીમાં રેલ્વે બજેટ ની પવિત્રતા ને ધ્યાનમાં રાખી આ છેતરામણી બદલ અર્થશાસ્ત્રી વડાં પ્રધાને ખુલાસો આપી દેશની માફી માગવી જોઈએ," આ મુજબની માગણી શ્રી રામ નાઈકે કરેલ છે.

શ્વેતપત્રિકામાં રેલ્વે સમક્ષ રહેલ પ્રશ્નો, તેના નિરાકરણ માટે ના રસ્તા, હિસાબ રાખવાની પધ્ધતી, વગેરે બાબતો ની પણ ચર્ચા કરવામાં આવી છે. 'રેલ્વેને પરિસ્થિતી ની આ ગોબાચારી માં થી શીઘ્રતાથી આગળ વધારવાનું આવ્હાન સ્વિકારવું હોય તો સમર્થતાપૂર્વક તેની પર ઉપાયયોજના કરવાની ગરજ છે ' તેમ અંતે કહેલ છે. તેના કારણે વેપાર, ઉદ્યોગ, પ્રવાસી અને સંસદ આ સર્વ સ્તર પર શ્વેતપત્રિકા પર ચર્ચા અને વિચાર - વિનિમય કરવાની જરૂર હોવાનું પ્રતિપાદીત કરી તે કરવાનું આવાહ્ન શ્રી રામ નાઈકે કરેલ છે.

"રેલ્વેની શ્વેતપત્રિકા માં ઉપનગરી રેલ્વે બાબતે જૂદો ઉહાપોહ કરેલો નથી. મેં પોતે આવી શ્વેતપત્રિકા કાઢવાની વિનંતી આ પહેલાં શ્રી જોર્જ ફર્નાંડિસ રેલ્વે પ્રધાન હતાં તેવેળાં કરી હતી તદ્નુસાર ૧૦ સપ્ટેંબર ૧૯૯૦ ના તેમણે તે પ્રસિધ્ધ કરી હતી. પાછલાં ૨૦ વર્ષમાં ઉપનગરી પ્રવાસીઓની સંખ્યા બેશૂમાર વધી હોઈ મુસાફરોને અસંખ્ય પ્રશ્નોનો સામનો કરવો પડે છે. રોજેરોજ કયાંક ને કયાંક ગાડીઓના ગોટાળા ચાલતા હોય છે. તેથી મુંબઈ ઉપનગર રેલ્વે ની પણ નવી શ્વેતપત્રિકા કાઢિ તેના પર પણ ચર્ચા કરવામાં આવે" તે મુજબની માગણી પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

**( કાર્યાલય સચિવ )**